## વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં કાયદા વિભાગની સામાન્ય ચર્ચા

## માન.ધારાસભ્યશ્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા (કોડીનાર મત વિસ્તાર)નું પ્રવચન

## વિભાગ : કાયદા વિભાગ

## તા.૨૭-૦૨-૨૦૨૪

**સરકારી વકીલશ્રીને કામગીરી પેટે પ્રોસ્તાહક ઇનામ આપવા બાબત**

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. કાયદા મંત્રીશ્રી કાયદા વિભાગના વિવિધ કામો માટે આગામી નાણાકીય વર્ષ માટે બજેટમાં જે માંગણીઓ રજૂ કરેલ છે. તેને હું મારુ સમર્થન આપું છું.

ગુજરાત રાજયમાં ન્યાયિક કાર્યવાહીમા ગુનેગારો ને થતી સજાનુ જે પ્રમાણ છે તેને લઈને અમારી સરકાર સજાગ છે અને ગુનેગારો માટે સજાનુ પ્રમાણ વધે અને ક્રિમિનલ કેસોના ઝડપી ડિસ્પોઝલ, પ્રોગ્રેસ ઓફ ક્રિમિનલ કેસ, કેટલા વિટનેસ તપાસ્યા જેવા પરિમાણો તપાસી ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રોકડ રકમ, સન્માન પત્ર અને મોમેન્ટોથી સન્માનિત કરવા અંગે દર વર્ષે ૫ એ.પી.પીશ્રીઓ અને ૩ એડી. પીપીશ્રીઓ સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવા વર્ષ ૨૦૨૪-૨૫ થી નવી બજેટ જોગવાઇ દાખલ કરવામાં આવેલ છે, જે અન્વયે રાજ્યના તમામ એ.પી.પીશ્રીઓ અને એડી. પીપીશ્રીઓને વિવિધ

પરિમાણો પર ચકાસીને પ્રથમ પાંચ ક્રમાંક પર આવનાર એ.પી.પીશ્રીઓને અને પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર એડી. પીપીશ્રીઓને રોકડ ઇનામ, સન્માનપત્ર અને મોમેન્ટો આપવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. જે બદલ હું માન. કાયદામંત્રીશ્રી ના ઉમદા અને નવીન અભિગમની સરાહના કરું છું.

માન. અધ્યક્ષ મહોદય,

માન. કાયદા મંત્રીશ્રી કાયદા વિભાગ માટેની જે બજેટ કામો માંટેની માંગણીઓ રજૂ કરેલ છે તેને આ સન્માનીય સભાગૃહ સર્વાનુમતે પસાર કરે તે માટે આપના માધ્યમથી ગૃહના સર્વ સભ્યશ્રીઓને અનુરોધ કરું છું.